

» ગુરુવારે રાત્રે અમેરિકાના ઓક્લાહોમામાં ત્રાટકેલા ભીષણ વંટોળે કેટલાક ઘરોને જમીનદોસ્ત કરી દીધા હતા, કારોને હવામાં ફંગોળી દીધી હતી અને રહેવાસીઓને ભયના ઓથાર હેઠળ મૂકી દીધા હતા.

# FBI ડાયરેક્ટર કાશ પટેલની બે વાર ધરપકડ થઇ ચુકી છે

**એક** વાર જાહેર સ્થળે નશો કરવા બદલ અને બીજી વાર જાહેરમાં પેશાબ કરવાનો પ્રયાસ કરવા બદલ ધરપકડ થઇ હતી

ન્યૂયોર્ક, તા. ૨૫: અમેરિકાના FBI ડાયરેક્ટર કાશ પટેલે પોતાની યુવાનીમાં બે વાર થયેલી ધરપકડનો ખુલાસો કર્યો છે. જેમાં એકવાર વર્જિનિયામાં જાહેર સ્થળે નશો કરવા બદલ અને બીજી વાર ન્યૂયોર્ક શહેરમાં જાહેર સ્થળે પેશાબ કરવાનો પ્રયાસ કરતી વખતે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ બંને ઘટનાઓનો ઉલ્લેખ તેમણે 2005માં લખેલા એક પત્રમાં કર્યો હતો, જ્યારે તેઓ ફ્લોરિડા બાર એક્ઝામિનેશન માટે અરજી કરી રહ્યા હતા.

'ધ ઈન્ટરસેપ્ટ'ના અહેવાલ મુજબ, આ પત્ર પટેલની મિયામી-ડેડ પબ્લિક ડિફેન્ડર ઓફિસની પર્સનલ ફાઈલનો એક ભાગ હતો. પત્રમાં પટેલે લખ્યું હતું કે ન્યૂયોર્કમાં કાયદાના અભ્યાસ દરમિયાન તેઓ મિત્રો સાથે કેટલીક સ્થાનિક બારમાં ગયા હતા અને દારૂ પીધો હતો. ઘરે પરત ફરતી વખતે તેમણે લખ્યું કે યોગ્ય વર્તનથી સંપૂર્ણપણે વિચલિત થઈને અમે રસ્તામાં જ પેશાબ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ આવું કરી શકે તે પહેલાં જ પોલીસની ગાડીએ તેમને રોક્યા અને જાહેર સ્થળે પેશાબ કરવાના આરોપમાં તેમની ધરપકડ કરી લીધી. આ પહેલાં, 2001માં જ્યારે પટેલ વર્જિનિયાની યુનિવર્સિટી ઓફ રિચમન્ડમાં અભ્યાસ કરતા હતા, ત્યારે તેમની જાહેર નશાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. તે સમયે તેઓ 'રિચમન્ડ રોડીઝ' નામના સ્ટુડન્ટ ફેન ગ્રુપને ચલાવવામાં મદદ કરતા હતા.

મુઘલકાલીન 'સ્માર્ટફોન' ગણાતું 17મી સદીનું ખગોળીય યંત્ર સોથબીઝ હરાજીનું મુખ્ય આકર્ષણ

# મહારાણી ગાયત્રીદેવીનું ઐતિહાસિક ખગોળીય ગણનયંત્ર લંડનમાં હરાજીમાં મૂકાશે

**આ** સાધન સમય જોવા, તારાઓનો નકશો તૈયાર કરવા, સૂર્યની સ્થિતિની ગણતરી કરવા વગેરે કામો માટે વપરાતું હતું

**એક** મુઘલ ઉમરાવ દ્વારા બનાવડાવવામાં આવેલું આ ગણનયંત્ર સમય જતા જયપુરના રાજકુટુંબ પાસે આવ્યું હતું

**સોથબીઝ** હરાજીગૃહ દ્વારા હરાજીમાં મૂકાશે, ૧૫થી ૨૬ કરોડ રૂપિયા જેટલી કિંમત ઉપજવાની આશા

લંડન, 25 એપ્રિલ: મહારાણી ગાયત્રી દેવીના સંગ્રહમાંથી મળી આવેલું 17મી સદીનું એક દુર્લભ પિત્તળનું એસ્ટ્રોલેબ, જેને 'હાથમાં પકડી શકાય તેવું ખગોળીય ગણનયંત્ર' ગણવામાં આવે છે, તે આવતા અઠવાડિયે લંડનમાં સોથબીઝની હરાજીમાં લાખો પાઉન્ડમાં વેચાય તેવી શક્યતા છે. આ એસ્ટ્રોલેબ સોથબીઝના 'આર્ટ્સ ઓફ ધ ઈસ્લામિક વર્લ્ડ એન્ડ ઈન્ડિયા' વેચાણનું મુખ્ય આકર્ષણ છે, જે આ સપ્તાહના અંતે પ્રદર્શનમાં મૂકવામાં આવ્યું હતું અને તેનો અંદાજ 1.5 થી 2.5 મિલિયન પાઉન્ડ (આશરે 15 થી 26 કરોડ રૂપિયા) વચ્ચે રાખવામાં આવ્યો છે. સને 1612ની સાલનું આ સાધન તેના પ્રકારનું સૌથી મોટું હોવાનું મનાય છે, જે લાહોરમાં બે ભાઈઓ દ્વારા એક શક્તિશાળી મુઘલ ઉમરાવ માટે બનાવવામાં આવ્યું હતું. આ જટિલ ઉપકરણ અગાઉ મહારાજા સવાઈ માન સિંહ દ્વિતીય અને ત્યારબાદ તેમના પત્ની જયપુરના રાજમાતા ગાયત્રી દેવીના રાજવી સંગ્રહનો ભાગ હતું, જે બાદમાં ખાનગી સંગ્રહમાં ગયું હતું. હરાજીની નોંધ મુજબ, આ સાધન આકા અફઝલ નામના એક શક્તિશાળી મુઘલ ઉમરાવ દ્વારા બનાવડાવવામાં આવ્યું હતું, જેઓ સમ્રાટ જહાંગીરના શાસન હેઠળ લાહોરના વહીવટની દેખરેખ રાખતા હતા.

# ફોકલેન્ડ ટાપુ વિવાદમાં યુકે સામે આર્જેન્ટિનાને ટેકો આપવાની ટ્રમ્પની વિચારણા

**ઇરાન** યુદ્ધમાં બ્રિટને સાથ નહીં આપ્યો તેથી અમેરિકા નીતિ બદલી શકે છે

**ફોકલેન્ડ** ટાપુ પર કબજા માટે આર્જેન્ટિના અને યુકે બંને સામસામો દાવો કરે છે

લંડન, તા. ૨૫: બ્રિટન અને સ્પેને NATO સંબંધિત એક અમેરિકન રિપોર્ટ પર વાંધો ઉઠાવ્યો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રમ્પ સરકાર આ બંને દેશોને સજા આપવા પર વિચાર કરી રહી છે. તેનું કારણ ઈરાન સામેના યુદ્ધમાં અમેરિકાને ખુલ્લેઆમ સાથ ન આપવાનું છે. એક અહેવાલ મુજબ, અમેરિકી સંરક્ષણ મંત્રાલય એટલે કે પેન્ટાગોનની અંદર અધિકારીઓ વચ્ચે એક ઈમેલ દ્વારા વાતચીત થઈ હતી, જેમાં અલગ-અલગ સંભવિત પગલાંઓ પર વિચાર કરવામાં આવી રહ્યો હતો. જેમ કે વિરોધી માનવામાં આવતા દેશોને NATO ના મહત્વના હોદ્દા પરથી હટાવવા, સ્પેન જેવા દેશની ગઠબંધનમાં ભૂમિકા મર્યાદિત કરવી અને બ્રિટનના ફોકલેન્ડ ટાપુ પરના દાવા અંગે અમેરિકાની નીતિની સમીક્ષા કરવી.

ઈરાન પર હુમલા દરમિયાન ટ્રમ્પ અને સ્ટાર્મર વચ્ચે તણાવ જોવા મળ્યો હતો. હવે ટ્રમ્પ ફોકલેન્ડ ટાપુ અંગે નીતિ બદલીને આર્જેન્ટિનાને સાથ આપવા માગે છે. આર્જેન્ટિનામાં આ સમાચારને લઈને ખુશીનો માહોલ છે. સરકારના પ્રવક્તા જેવિયર લાનારીએ કહ્યું કે તેમનો દેશ 'માલ્વિનાસ' ને પાછું મેળવવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યો છે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલી ટ્રમ્પના નજીકના માનવામાં આવે છે અને તેમણે પણ કહ્યું કે આ મુદ્દે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં. ફોકલેન્ડ ટાપુનો મામલો બ્રિટન અને આર્જેન્ટિના બંને માટે ઘણો મોટો મુદ્દો છે અને બંને દેશો તેના પર દાવો કરે છે. આર્જેન્ટિના આ ટાપુને 'માલ્વિનાસ' કહે છે. ફોકલેન્ડ દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં આવેલું છે અને તે આર્જેન્ટિનાથી માત્ર 500 કિમી દૂર છે, જ્યારે બ્રિટનથી તે 13,000 કિમી દૂર સ્થિત છે. આર્જેન્ટિના ઐતિહાસિક રીતે આ ટાપુઓને પોતાના ગણાવતું આવ્યું છે કારણ કે તે તેના ભૌગોલિક વિસ્તારની નજીક છે. બીજી તરફ, બ્રિટનનું કહેવું છે કે ત્યાં રહેતા લોકો પોતાને બ્રિટિશ માને છે અને તેઓએ મતદાન દ્વારા પણ બ્રિટન સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી છે, તેથી તે તેનો પ્રદેશ છે.

## પેજ 3

### મુંબઈમાં રિહાનાની ગ્લેમરસ પાર્ટી: ઈશા અંબાણી અને બોલિવૂડ સ્ટાર્સે જમાવી મહેફિલ




મુંબઈ, તા. 25 : ભારતના અગ્રણી બિઝનેસ ટાયકૂન મુકેશ અંબાણીની પુત્રી, ઈશા અંબાણીએ મુંબઈમાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જ્યારે ગ્લોબલ પોપ આઈકોન રિહાનાએ એક ગ્લેમરસ ફેન્ટી બ્યુટી આફ્ટર-પાર્ટીનું આયોજન કર્યું, જેમાં ફેશન, સંગીત અને બોલિવૂડ એક છત નીચે જોવા મળ્યા હતા. આ રાત્રિ ઝડપથી શહેરમાં સૌથી વધુ ચર્ચિત સેલિબ્રિટી મેળાવડાઓમાંની એક બની ગઈ હતી, જેમાં હાઈ-ફેશન લુક્સ અને સ્ટાર્સની હાજરી ઇવેન્ટમાં છવાયેલી રહી હતી. શાનદાર ડિઝાઇનર કપડાંથી લઈને બોલ્ડ ડિઝાઇનર સિલુએટ્સ સુધી સમગ્ર માહોલ લક્ઝરી અને સ્ટાઇલથી ભરેલો હતો, જે મહેમાનો અને ઓનલાઇન અપડેટ્સ ફોલો કરતા ચાહકો માટે એક યાદગાર રાત્રિ બની રહી હતી.

### સંજય દત્તે 'ખલનાયક'ની સીક્વલની જાહેરાત કરી



મુંબઈ, તા. 25 (PTI): અભિનેતા સંજય દત્તે તેની નવી ફિલ્મ 'ખલનાયક રિટર્ન્સ' ની જાહેરાત કરી છે, જે 1993ની આ લોકપ્રિય ક્લાસિક ફિલ્મનું નવું રૂપ હશે. સંજય દત્તની 'થ્રી ડાયમેન્શન મોશન પિક્ચર્સ' અને નિર્માતા અક્ષ કમ્બોજની 'એસ્પેક્ટ એન્ટરટેઇનમેન્ટે' આ આઈકોનિક એક્શન-ક્રાઇમ મૂવીના બીજા ભાગ માટે ફિલ્મ-નિર્માતા સુભાષ ઘઈ અને તેમની કંપની 'મુક્તા આર્ટ્સ' પાસેથી સંયુક્ત રીતે હકો મેળવ્યા છે. આ મૂળ ફિલ્મમાં જેકી શ્રોફ અને માધુરી દીક્ષિત પણ જોવા મળ્યા હતા. શુક્રવારે સાંજે એક વિશેષ કાર્યક્રમમાં નિર્માતાઓએ 'ખલનાયક રિટર્ન્સ'નું એક ટૂંકું ટીઝર રજૂ કર્યું હતું, જેમાં સંજય દત્ત તેના આઈકોનિક પાત્ર 'બલ્લુ' તરીકે નવા અને દમદાર અવતારમાં જોવા મળે છે. 66 વર્ષીય અભિનેતાએ ફરીથી 'ખલનાયક' બનાવવાની મંજૂરી આપવા બદલ સુભાષ ઘઈનો આભાર માન્યો હતો.

# ભાજપે કેજરીવાલના કથિત શીશ મહલ-૨ના ફોટા સોશયલ મીડિયા પર મૂક્યા

**કેજરીવાલે** સરકારી બંગલા પર ભારે ખર્ચ કરીને તેને વૈભવશાળી બનાવ્યો હોવાનો ભાજપનો આક્ષેપ

**આપે** આ તસવીરો ફેક હોવાનું કહીને બદનક્ષીનો દાવો માંડવાની ચેતવણી આપી



નવી દિલ્હી, તા. ૨૫: ભારતીય જનતા પાર્ટીએ શનિવારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને લોધી એસ્ટેટમાં ફાળવવામાં આવેલા નવા બંગલા મુદ્દે ઘેર્યા હતા. ભાજપે આ બંગલાને શીશ મહેલ-2 ગણાવ્યો છે અને આરોપ લગાવ્યો છે કે તેમાં સુવિધાઓ ઊભી કરવા માટે ખાનગી નાણાંનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટીએ આ આરોપોને નકારી કાઢ્યા છે અને તેને તદ્દન ખોટા ગણાવ્યા છે.વર્માએ કેટલાક દ્રશ્યો પણ દર્શાવ્યા હતા, જે કેજરીવાલના નવા નિવાસસ્થાનના હોવાનો તેમણે દાવો કર્યો હતો. બીજી તરફ, આપના રાજ્યસભા સાંસદ સંજય સિંહે આ દ્રશ્યોને સંપૂર્ણપણે નકલી ગણાવ્યા હતા અને કહ્યું હતું કે વર્મા અને આ દ્રશ્યો પ્રસારિત કરનાર ટેલિવિઝન ચેનલોએ માનહાનિના કેસનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ. એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા વર્માએ કેજરીવાલના તાજેતરમાં 95 લોધી એસ્ટેટ સ્થિત સરકારી બંગલામાં રહેવા જવા અંગે ટિપ્પણી કરી હતી. વર્માએ કહ્યું કે, ગઈકાલે તેઓ 95 લોધી એસ્ટેટમાં શિફ્ટ થયા છે, જેઓ કહેતા હતા કે હું સામાન્ય માણસની જેમ રહીશ.

# ડ્રગ માફિયા સલીમ ડોલા તુર્કિયેમાં ઝડપાયો

**રૂ. 1** લાખનું ઇનામ ધરાવતા વોન્ટેડ ગુનેગાર સલીમ ડોલા દાઉદનો નજીકનો સાથી છે

**દાઉદ** ઈબ્રાહિમની ગેંગને મોટો ફટકો



નવી દિલ્હીઃ તા. 25: ભારતના કુખ્યાત ડ્રગ માફિયા અને આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કરી નેટવર્કના મોટા ખેલાડી સલીમ ડોલાની તુર્કિયેની સુરક્ષા એજન્સીઓએ ઇસ્તંબુલમાં એક મોટી કાર્યવાહી દરમિયાન ધરપકડ કરી લીધી છે. ભારતીય સુરક્ષા એજન્સીઓએ પણ તેની ધરપકડની પુષ્ટિ કરી છે. આ કાર્યવાહીને અંડરવર્લ્ડ અને નાર્કોટિક્સ નેટવર્ક વિરુદ્ધ મોટી સફળતા માનવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સલીમ ડોલા લાંબા સમયથી ગ્લોબલ સિન્થેટિક ડ્રગ નેટવર્ક ચલાવી રહ્યો હતો, જેના તાર અનેક દેશો સુધી ફેલાયેલા હતા. તપાસ એજન્સીઓનો દાવો છે કે તેના નેટવર્કના તાર ભારતના મોસ્ટ વોન્ટેડ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ગેંગ સાથે પણ જોડાયેલા છે.

કુખ્યાત ડ્રગ માફિયા સલીમ ડોલાને દાઉદ ઈબ્રાહિમનો નજીકનો સાથી માનવામાં આવે છે. શરૂઆતના તબક્કામાં તે મુંબઈમાં સક્રિય હતો. ત્યાર બાદ તે દુબઈથી આખા ડ્રગ સિન્ડિકેટનું સંચાલન કરવા લાગ્યો હતો. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે, ભારતમાં ડ્રગ્સ સપ્લાયની મોટી ચેનલ તેના જ નિયંત્રણમાં હતી. ઓક્ટોબર 2025માં મુંબઈ ક્રાઇમ બ્રાન્ચ તેના મુખ્ય સાથી મોહમ્મદ સલીમ સોહેલ શેખને દુબઈથી પ્રત્યાર્પણ કરીને ભારત લાવી હતી. ત્યાર બાદ નવેમ્બર 2025માં મુંબઈ પોલીસે સલીમ ડોલાના પુત્ર તાહિર ડોલા સહિત તેના પરિવારના ચાર સભ્યોને પણ દુબઈથી ભારત લાવીને ધરપકડ કરી હતી.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ સલીમ ડોલા પર 1 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. તે

# અમેરિકામાં ગુજરાતી મહિલા પર ગોળીબાર: પતિની ધરપકડ

**જીજ્ઞા** ઉર્ફે સોનિયા ગજેરાને 4 એપ્રિલના રોજ એક સ્ટોરની અંદર નજીકથી ગોળી વાગી હતી

વોશિંગ્ટન, તા. 25: અમેરિકાના બોસિયર સિટીમાં એક સુવિધા સ્ટોરમાં ગોળી વાગવાથી ગુજરાતની 30 વર્ષીય મહિલાની હાલત ગંભીર છે. પોલીસે આ ઘટનાના સંબંધમાં તેના પતિની ધરપકડ કરી છે. પોલીસે જેને અકસ્માતે થયેલું ફાયરિંગ ગણાવ્યું છે. જીજ્ઞા ઉર્ફે સોનિયા ગજેરા તરીકે ઓળખાતી આ મહિલાને 4 એપ્રિલના રોજ 'મેઝો ગ્રોસરી એન્ડ ડેલી' સ્ટોરની અંદર નજીકથી ગોળી વાગતાં ચહેરાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, જ્યારે તેના પતિ શરદ ગજેરા પાસે હથિયાર હતું ત્યારે તેમાંથી ગોળી છૂટી હતી, જે તેના મોઢામાંથી આરપાર નીકળી જડબામાંથી બહાર આવી હતી.

વોરંટ બાદ સત્તાવાળાઓ સમક્ષ આત્મસમર્પણ કરનાર શરદ ગજેરાની 21 એપ્રિલના રોજ હથિયારના ગેરકાયદે ઉપયોગના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી.

# આ વર્ષે મેગા અલ-નીનો સર્જાવાના એંધાણ: દુકાળનો ભય

**દોઢસો** વર્ષ પહેલા આવી સ્થિતિ સર્જાઇ હતી, દુનિયાની ૪ ટકા વસ્તી મૃત્યુ પામી હતી

**હિમાલય ક્ષેત્રમાં બરફનું પ્રમાણ ઓછું રહેતા પાણીની વધુ તંગીનો ભય**

રિપોર્ટ મુજબ, હિંદુ કુશ હિમાલય ક્ષેત્રમાં આ વર્ષે બરફનું પ્રમાણ સામાન્ય કરતા 27.8% ઓછું રહ્યું છે, જે છેલ્લા 20 વર્ષોમાં સૌથી ઓછું છે. આનાથી નદીઓના પાણી પર અસર પડી શકે છે અને લગભગ 2 અબજ લોકોની જળ સુરક્ષા માટે ખતરો ઊભો થઈ શકે છે.

ન્યૂયોર્ક, નવી દિલ્હી, તા. ૨૫: ચાલુ વર્ષ 2026 માટે ક્લાયમેટ મોડલ્સ સતત ચિંતાજનક સંકેતો આપી રહ્યા છે. વૈજ્ઞાનિકો દરેક અપડેટ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે કારણ કે એક વિનાશક 'મેગા અલ નીનો'ની આશંકા વધુ ઘેરી બની રહી છે. શરૂઆતી અંદાજ મુજબ, આ આજથી દોઢસો વર્ષ પહેલાં 1877-78ના એ ભયાનક સમયગાળાના પુનરાવર્તનની યાદ અપાવી રહ્યું છે, જેને ઈતિહાસની સૌથી ઘાતક આબોહવા સંબંધી ઘટનાઓમાંથી એક માનવામાં આવે છે. પ્રશાંત મહાસાગર પર અભ્યાસ કરી રહેલા સંશોધકોનું કહેવું છે કે સમુદ્રની સપાટીનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે, જે અલ નીનો વિકસિત થવાનો મુખ્ય સંકેત છે. જો વર્તમાન વલણ ચાલુ રહેશે, તો 2026માં એક 'સુપર અલ નીનો' આકાર લઈ શકે છે.

આજથી લગભગ 150 વર્ષ પહેલાં આવેલા એ અલ નીનોએ વિશ્વના મોટા ભાગમાં ભીષણ લૂ, લાંબો દુષ્કાળ પેદા કર્યો હતો. આંકડાઓ અનુસાર, તે દરમિયાન તત્કાલીન વૈશ્વિક વસ્તીના લગભગ 4 ટકા લોકોના મોત થયા હતા, જેના કારણે કરોડોની વસ્તીનો સફાયો થઈ ગયો હતો. વૈજ્ઞાનિકોને એ વાતની ચિંતા સતાવી રહી છે કે શું 2026માં ઈતિહાસ ફરી પોતાનું પુનરાવર્તન કરવા જઈ રહ્યો છે? આ દરમ્યાન વિશ્વ હવામાન સંસ્થા(WMO)એ ચેતવણી આપી છે કે મે થી જુલાઈની વચ્ચે એલ નીનોની સ્થિતિ વિકસી શકે છે, જેના કારણે ભારત સહિત દક્ષિણ એશિયાના હવામાન પર મોટી અસર પડશે. અગાઉ એવો અંદાજ હતો કે આ સ્થિતિ ચોમાસાના બીજા ભાગમાં (ઓગસ્ટ-સપ્ટેમ્બર) બનશે, પરંતુ હવે તે વહેલી આવવાની શક્યતા દર્શાવવામાં આવી છે.







-:: ખરીદનાર સાવધાન ::- -:: ખરીદનાર સાવધાન ::-

**-:: મોજે ગામ ઘલુડીના બ્લોક/સર્વે નં. ૯૩ વાળી જમીનમાં આયોજીત "તુલસી વન" નામના પ્રોજેકટ અંગે જાહેર નોટીસ ::-**

ડિસ્ટ્રીક્ટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ કામરેજના મોજે **ગામ ઘલુડીના જુનો બ્લોક/સર્વે નં. ૭૧**, જેનો **નવો બ્લોક/સર્વે નં. ૯૩** જેનું ક્ષેત્રફળ હે.આરે. ૨-૯૩-૮૪ ચો.મી.વાળી બીનખેતીની જમીનના માલિક કબજેદાર તરીકે **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી** નાઓ ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહું જમીન હમારા અસીલને વેચાણથી આપી તા. ૧૫/૦૩/૨૦૨૩ ના રોજ કબજા સહિતનો વેચાણ સાટાખત તથા પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામુ નોટરી એડવોકેટશ્રી જીજ્ઞાસા સી. માલવીયાનાઓ રૂબરૂ હાજર રહી તેઓના રજીસ્ટર્ડમાં અનુક્રમ નં. ૩૦૮૬ તથા ૩૦૮૭ થી તા. ૧૫/૦૩/૨૦૨૩ ના રોજ નોંધણી કરી આપેલ છે. સદર સાટાખતમાં નકકી કરેલ વેચાણ અવેજની રકમ પેટે હમારા અસીલે ઘણી મોટી રકમ **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી**ને ચુકવી આપેલ છે. જે રકમ **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી**ને મળી ગયેલ છે. તેઓએ સ્વીકારેલ છે જે અંગે કબજા સહિતના વેચાણ સાટાખતમાં કબુલાત આપેલ છે. સદરહુ સાટાખત કે પાવર ઓફ એટર્ની આજદિન સુધી કોઈ કોર્ટે રદબાતલ કરેલ નથી અને આજે પણ અમલમાં છે.

સદરહુ જમીન અંગે **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી**એ હમારા અસીલને કાયદેસરના લખાણો કરી આપી હમારા અસીલ પાસેથી વેચાણ અવેજ પેટે ઘણી મોટી રકમ સ્વીકારેલ હોવાની હકીકત જાણતા હોવા છતા હમારા અસીલનો હકક, હિસ્સો ડુબાડવાના બદઈરાદે હમારા અસીલની જાણ બહાર સદરહુ જમીન **નરેશભાઈ હરીભાઈ બાબરીયા**ને ગેરકાયદેસર રીતે તબદીલ કરી હમારા અસીલ સાથે ગુનાહિત વિશ્વાસઘાત, છેતરપીંડી તેમજ ઠગાઈ કરેલ છે જેથી હમારા અસીલે **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી** તથા **નરેશભાઈ હરીભાઈ બાબરીયા** નાઓ વિરૂધ્ધ સાટાખતના વિશેષ અમલ માટે તેમજ વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તેમજ જાહેરાત તથા જાથુકની મનાઈ હુકમ મેળવવા અંગે **મહે. કઠોરના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દી.મુ.નં. ૩૫/૨૦૨૫ થી દાવો કરેલ છે. જે દાવો હાલ પેન્ડીંગ છે, મેટર સબજયુડીશ છે.** હાલમાં હમારા અસીલીને જાણવા મળેલ છે કે સદર તકરારી જમીનમાં **વિઠ્ઠલભાઈ જીવાજભાઈ માયાણી** તથા **નરેશભાઈ હરીભાઈ બાબરીયા**નાઓએ **'તુલસી વન'**ના નામથી પ્રોજેકટનું આયોજન કરેલ છે. અને પ્રોજેકટને લગતા બોર્ડ, બેનરો તથા બ્રોશર માર્કેટમાં ફેરવી સદર મિલકતના ટાઈટલ પણ કલીયર ન હોવા છતા જાહેર જનતાને ગુમરાહ કરી વેચાણ કરવા ફરી રહ્યા છે.

**વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી** નાઓએ સદર જમીન ઉપર આ અગાઉ **'ક્રિષ્ના પાર્ક'** ના નામથી પ્રોજેકટ મુકી નાના તેમજ મધ્યમવર્ગના લોકોને છેતરી ફલેટોના બુકીંગના નામે આશરે ૨૦૦ જેટલા લોકો પાસેથી કરોડો રૂપિયા ગેરકાયદેસર રીતે પચાવી પાડેલ છે અને આજદિન સુધી નાણાં પરત કરેલ નથી. **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી** નાઓએ **'ક્રિષ્ના પાર્ક'** પ્રોજેકટના નામે કસ્ટમરો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવી લીધા બાદ કસ્ટમરો સાથે ગુનાહિત વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરવાના બદઈરાદે **ક્રિષ્ના પાર્ક** પ્રોજેકટનું નામ બદલી **'તુલસી વન'** નામ આપી **'તુલસી વન'** ના નામે **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી** તથા **નરેશભાઈ હરીભાઈ બાબરીયા** નાઓએ નાના તેમજ મધ્યમવર્ગના લોકોને છેતરી ફલેટોના બુકીંગના નામે કરોડો રૂપિયા પચાવી પાડી ફલેટોનું વેચાણ કરવા ફરી રહ્યા હોય જેથી જાહેર જનતાને આ નોટીસ થકી જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ કામરેજના મોજે ગામ ઘલુડીના જુનો બ્લોક/સર્વે નં. ૭૧, જેનો નવો બ્લોક/સર્વે નં. ૯૩ વાળી જમીનમાં **'તુલસી વન'** વાળા પ્રોજેકટના ટાઈટલ કલીયર ન હોય જેથી **'તુલસી વન'** વાળા પ્રોજેકટ સંબંધે **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી** તથા **નરેશભાઈ હરીભાઈ બાબરીયા** નાઓ કે તેઓના એજન્ટ પાસેથી કોઈપણ વ્યકિતએ ફલેટ/દુકાનો બુકિંગ કરવા નહિ કે કોઈપણ બેન્ક કે સંસ્થાએ લોન આપવી નહી કે કોઈપણ જાતના નાણાંકીય વ્યવહાર કરવો નહી કે કોઈપણ વ્યકિતએ દસ્તાવેજ કે લખાણો કરવા કરાવવા નહી અને જો કરશે કરાવશે તો તેને કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થશે નહી બલ્કે નાણાં ગુમાવવા પડશે અને કોર્ટ પ્રરકરણોમાં સંડોવાવું પડશે અને વ્યવહાર કરનાર-કરાવનાર વિરૂધ્ધ કાયદેસરની કાનુની કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની ગંભીર નોંધ લેવી.

ઓફિસ :- એ/૫૦૪, "તીરૂપતી પ્લાઝા", જુની બહુમાળીની બાજુમાં અઠવાગેટ, સુરત. મોબાઈલ : ૮૫૩૦૦ ૬૮૨૯૯

**મુકેશ એસ. પટેલ, સંજય આર. પટેલ તથા નયલ એમ. પાંડવ તે ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ ચોવટીયા ના એડવોકેટસ્**